# જિલ્લા શિક્ષણ સમિતિ - કચ્છ

**પ્રથમ સત્રાંત પરીક્ષા - ૨૦૨૫**

| | | |
|---|---|---|
| તારીખ : ૭-૧૦-૨૦૨૫ | વિષય : ગુજરાતી | ગુણ : 80 |
| વાર : મંગળવાર | ધોરણ : 6 | સમય : 2-00 થી 5-00 |

**પ્રશ્ન-1 આપેલા પ્રશ્નોના બે વાક્યમાં જવાબ લખો.** **(12)**

(1) કવિ ભગવાનની આંખ અને વાતો કોને ગણે છે ?

(2) કાગડીનાં ઈંડાં કેવી રીતે ફૂટ્યાં ?

(3) વરસાદ વરસ્યા પછી આસપાસ કેવા ફેરફાર જોવા મળે છે ?

(4) છોટુને કોણ અને ક્યાં જવા માટે રોકે છે ?

(5) 'સિંધુડો' શું છે ? તેના સર્જક કોણ છે ?

(6) 'રામ રાખે તેમ રહીએ' એટલે કેવી રીતે રહેવાની વાત છે ?

**પ્રશ્ન-2 આપેલ કાવ્યપંક્તિનો વિચાર-વિસ્તાર કરો (કોઈ પણ એક)** **(6)**

તું તરણાંનો તારણહારો, ઝરણાંનો તું નાદ,
ફૂલ ફૂલની રંગસુગંધે તારી છે સોગાદ.
સિંહ, વાઘ ને કોયલ,બુલબુલ, પતંગિયા ને તમરાં,
સૂર્ય, ચંદ્ર ને તારા આભે : અહીં આગિયા, ભમરા.

<u>અથવા</u>

જય જય ગરવી ગુજરાત ! જય જય ગરવી ગુજરાત !
દીપે અરુણું પ્રભાત ! ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી, પ્રેમશૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત;

**પ્રશ્ન-3 (અ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.** **(5)**

(1) ઢોલ જેવું વાદ્ય.

(2) ચોમાસામાં થતું એક જીવડું.

(3) વાદળાંની ગર્જના અને વીજળી.

(4) બે સમુદ્રને જોડનારી ખાડી.

(5) ગિરિને ધારણ કરનાર.

**(બ) લીટી દોરેલ શબ્દનો સમાનાર્થી શબ્દ આપી વાક્ય ફરીથી લખો.** **(5)**

(1) <u>તળાવ</u> માં ખૂબ પાણી છે.

(2) હાથી ઈંડાં ફોડ્યા બાદ <u>ઉદાસ</u> થઈ ગયો.

(3) ઉનાળામાં ખૂબ <u>તાપ</u> લાગે છે.

(4) ઝવેરચંદ મેઘાણી એક <u>ગરવી</u> લેખક છે.

(5) ઈશ્વરના ગુણગાન <u>દિન - રાત</u> ગાવા જોઈએ.



(પાછળ જુઓ)

પ્રશ્ન-4 (અ) કૌંસમાં આપેલી સંજ્ઞાઓનું કોષ્ટકમાં વર્ગીકરણ કરો. (5)

(મજા, શિક્ષક, પાણી, પરિવાર, ભુજ)

| વ્યક્તિવાચક | જાતિવાચક | સમૂહવાચક | દ્રવ્યવાચક | ભાવવાચક |
|---|---|---|---|---|
| | | | | |

(બ) કૌંસમાં આપેલા ક્રિયા વિશેષણોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો. (5)

(સાચવીને, ખડખડાટ, ધીમું - ધીમું, ધ્યાનથી, ઝડપથી)

(1) રેસમાં જીતવા માટે હું ________________ દોડ્યો.

(2) અંધારામાં આપણે ________________ ચાલવું જોઈએ.

(3) પરીક્ષામાં ________________ વાંચવું જોઈએ.

(4) જોક્સ સાંભળી અમે ________________ હસી પડ્યા.

(5) નાનું બાળક ________________ ચાલે છે.

(ક) ખોટો વિકલ્પ છેકી સાચું વાક્ય બનાવો. (5)

(1) ધંધામાં મોટું નુકસાન / નુકશાન થયું.

(2) 'દૂધ' એ દ્રવ્યવાચક / ભાવવાચક સંજ્ઞા છે.

(3) બાળકોએ સરસ કવિતા ગાઈ / ગાયો.

(4) ગુજરાતની ધરતી ગરવી / ગરબી છે.

(5) મમ્મીએ આજે લાપસી બનાવી છે એટલે હું ધરાઈને / ઝડપથી જમીશ.

પ્રશ્ન-5 (અ) જોડકાં જોડો. (5)

| (અ) | (બ) |
|---|---|
| (1) પર્વત | (1) ગામના શેઠ |
| (2) સરોવર | (2) લોકસાહિત્યકાર |
| (3) છોટુ | (3) ઈશ્વરના ખંભા |
| (4) હરખચંદ | (4) ઈશ્વરની આંખ |
| (5) ઝવેરચંદ મેઘાણી | (5) જિજ્ઞાસુ છોકરો |

(બ) ફકરાના આધારે નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (5)

તુલસીશ્યામથી બે ગાઉ અમે ખજૂરીને નેસડે હતા, ત્યાં રીડ થઈ. હાવજ ડણક્યો. હાકોટા થવા માંડ્યા. રોળકોળ થઈ હતી. ખાડું - ધણ ઝૂંપડે આવતાં હતાં. તેમાંથી હીરબાઈ કરી એક ચારણબાઈની વોડકીને હાવજે પાદરમાં જ પાડી. અમે બધા દોડ્યા. વીસેક જણ હતા.

પ્રશ્નો :

(1) તુલસીશ્યામ અને ખૂજરીનો નેસડો કેટલા દૂર હતા ?

(2) 'હાવજ' શબ્દ કોના માટે વપરાયો છે ?

(3) હાવજે હરીબાઈની વોડકી ને પાદરમાં મારી નાખી. ખરું કે ખોટું ?

(4) 'વાછરડી' માટે ફકરામાં કયો શબ્દ વપરાયો છે ?

(5) લેખકની સાથે કેટલા જણ હતા ?

(અ) 19 (બ) 20 (ક) 21



(પાછળ જુઓ)

**પ્રશ્ન-6 (અ) નીચેનાં વાક્યોમાંથી ભાવાત્મક શબ્દો શોધીને લખો.** (5)

(1) બગીચામાં રમવાની અમને ખૂબ મજા આવી.

(2) છોકરાએ મોબાઈલ તોડ્યો એટલે પપ્પા ગુસ્સે થયા.

(3) અંધારું હતું એટલે જંગલ ભયાનક લાગ્યું.

(4) વાહ ! કેવું સુંદર દ્રશ્ય !

(5) બાળકોને શાળામાં હાથી જોઈને નવાઈ લાગી.

**(બ) કૌંસમાં આપેલા ભાવ દર્શાવતા શબ્દોનો ઉપયોગ કરીને આપેલ સંવાદ પૂર્ણ કરો.** (5)

(ખુશ, નવાઈ, વિશ્વાસ, ગર્વ, ઉત્સાહ)

રામ : હું આજે ખૂબ ________ છું કારણ કે દોડમાં મારો પ્રથમ નંબર આવ્યો.

રહીમ : મને ________ લાગે છે કે તારા પગમાં દુખાવો હતો છતાં નંબર લાગ્યો.

રામ : મને મારા પર ________ હતો કે હું જ રેસમાં જીતીશ.

રહીમ : વાહ ! મને ________ છે કે તું મારો મિત્ર છે.

રામ : તારા જેવા મિત્રોના સહકાર થકી જ મારો ________ વધે છે.

**પ્રશ્ન-7 (અ) તમે કરેલા પ્રવાસનો અનુભવ તમારા શબ્દોમાં લખો.** (5)

**(બ) નીચે આપેલ ચિત્રનું વર્ણન કરો.** (5)



| |
|---|
| ★ **પ્રજ્ઞાચક્ષુ માટે :**<br>**મેળા વિશે પાંચ થી સાત વાક્યો લખો.** |

**પ્રશ્ન-8 નીચેનામાંથી કોઈ એક વિષય પર નિબંધ લખો.** (7)

(1) ચોમાસું

<u>અથવા</u>

(2) ગરવી ગુજરાત